શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૨
ફેબ્રુઆરી : ૨૦૨૫

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...

વસંતપંચમીના પાવન દિવસે ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પાટોત્સવ તથા શાકોત્સવ પ્રસંગે અભિષેક દર્શન, ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતો, ભક્તજનો તથા યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કરનારા બટુકો - SGVP

SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા આયોજિત કાર્નિવલ 'દર્શનીયમ્ દર્શનમ્'માં ઉપસ્થિત સંતો-મહાનુભાવો આ કાર્નિવલમાં પ્રાચીનથી અર્વાચીન યાત્રા વિષયને આધારે ઋષિકુમારોએ વિવિધ પ્રોજેક્ટનું દર્શન કરાવ્યું હતું.

અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પૂર્ણતિથિ પ્રસંગે ધૂન-ભજન કરતા સંતો-ભક્તો તથા અમદાવાદથી છપૈયાની પદયાત્રા પૂર્ણ કરી પધારેલા સંતો-ભક્તોનું પૂજન-સન્માન

ગુરુકુલ દર્શન



ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, ફેબ્રુઆરી : ૨૦૨૫, અંક : ૦૨

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

સહજાનંદકે દર્શન કરકે...

સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરુજ્ઞાની;
અદ્‌ભુત રૂપ વિચારત મનમેં, નહીં આવે મુખસે બાની...ટેક
અનંત કોટિ જાકે ચરન પરત હૈ, બ્રહ્મમહોલ કે સુખખાની;
સો હરિકો હમ પ્રગટ બતાવે,

ભેદ વિના ભટકત પ્રાની... સહજાનંદકે ૧

કોટિ વિષ્ણુ બ્રહ્મા કર જોડી, શંકર કોટિ સૂરત આની;
શારદ શેષ અરુ નારદ બરને,

નહીં માનત નર અભિમાની... સહજાનંદકે ૨

નિઃસ્વાદ નિઃસ્પૃહી નિર્લોભી, નિષ્કામી જન નિર્માની;
પાયો ભકિત પદારથ મોટો,

તન મન કીનો કુરબાની... સહજાનંદકે ૩

પરબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, સ્વામિનારાયણ સુમરાની;
સુખાનંદ શરણે સુખ પાયો,

ભજન ભરોસા ઉર આની... સહજાનંદકે ૪

અનુક્રમણિકા

૧. મંત્રશંકિત અને યંત્રશંકિત	૦૪
૨. સપ્ત પ્રશ્નોત્તર	૦૬
૩. અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી	૧૧
૪. વૈષ્ણવજન તો તેને રે કહીએ	૧૪
૫. સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

મંત્રશક્તિ અને યંત્રશક્તિ

- સ્વામી માધવપ્રિયદાસ

આપણે બે શબ્દો અવારનવાર સાંભળીએ છીએ. યંત્રયુગ અને મંત્રયુગ.

જે સમયે મનની શક્તિઓનો પ્રભાવ વધારે હોય એને મંત્રયુગ કહેવાય. યંત્રશક્તિનો અર્થાત્ મશીન-મશીનરીઓનો પ્રભાવ વધારે હોય તેને યંત્રયુગ કહેવાય.

ભારવર્ષમાં મંત્રયુગનો ચઢતો-ઊતરતો પ્રભાવ મહાભારતના યુધ્ધ સુધી રહ્યો. મહાભારતના ભયંકર યુદ્ધમાં મોટાભાગના મંત્રવેત્તાઓનો સંહાર થયો; એ પણ ભગવાન શ્રીકૃષ્ણની અકળ લીલા અને ઇચ્છાના ભાગરુપે જ થયો. નહીંતર કળિયુગમાં મંત્રશક્તિઓ માનવજાત માટે અભિશાપ બની જાત.

એક સમયે મનુષ્યોના ઘરે કલ્પવૃક્ષો અને કામધેનુઓ હતી. આનો અર્થ છે કે મનુષ્યોના એકાગ્ર થયેલાં મન કલ્પવૃક્ષની પેઠે ફળતાં અને કામધેનુની પેઠે દૂઝતા.

તપ, જપ, સંયમ, પ્રાણાયામ અને મનની એકાગ્રતાથી અપાર શક્તિઓનું પ્રાગટ્ય થતું. એ શક્તિઓ 'સારી' જ હોય એવું નહોતું. એમાં પણ સાધકની સાત્વિક, રાજસ, તામસ પ્રકૃતિને લીધે ત્રણ ભેદ પડતા. પરિણામે દૈવી અને આસુરી સંઘર્ષ એ સમયે પણ અવિરત ચાલુ જ રહેતો. આજે પણ ચાલુ છે અને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

આજે મનુષ્યોના નબળા પડેલાં મનને લીધે મંત્રશક્તિઓ ક્ષીણ થઈ ગઈ છે. મંત્રશક્તિના પ્રભાવની ગાથાઓ માત્ર પુરાણોમાં રહી છે. મંત્રશક્તિ વિલુપ્ત છે. કાયા છે પણ પ્રાણ નથી.

ટીવી, ટેલીફોન, કૉમ્પ્યુટરનાં આકર્ષક મોડેલો બચ્ચાં છે પણ 'રીલે' સેન્ટરો નાશ પામ્યાં છે, એટલે આ સાધનો અર્થહીન છે.

ઇલેક્ટ્રોનિક આઇટમોની 'યુઝર્સ ગાઈડ' જેમની તેમ પડી છે પણ મૂળ પ્રોગ્રામ કોઈ અકળ વાયરસે ગ્રસી લીધો છે. પરિણામે જાતજાતની સ્વીચો દબાવવા છતાં કોઈ પરિણામ આવતું નથી. આ નિષ્ફળતાથી નિરાશ થયેલ માનવ ગાઈડને જ ખોટી માને એમ આપણે પુરાણોને ખોટા માનીએ છીએ, જ્યારે જરુર છે સાચી દિશામાં સંશોધનોની.

યંત્ર વિજ્ઞાનના સહારે પ્રકાશની ગતિથી વધારે ગતિએ જવું અશક્ય છે. મંત્રવિજ્ઞાનના સહારે મનની ગતિએ બ્રહ્માંડની યાત્રા શક્ય છે.

યંત્રયુગમાં સુરક્ષા કે સંહારના વિપુલ શસ્ત્રોના જથ્થાને સાચવવા વિશાળ અને સુરક્ષિત શસ્ત્રાગારોની આવશ્યકતા પડે છે, જ્યારે મંત્રયુગની વાત નોખી છે.

આજે ઈન્ટરનેટના જમાનામાં વિશાળ લાયબ્રેરી એક ખૂણામાં સમાઈ જાય છે, એમ મંત્રયુગમાં આશ્ચર્યકારક શસ્ત્રો એક જ મનરુપી ભાથામાં સમાઈ જતાં.

અસ્ત્ર અને શસ્ત્રનો ભેદ સમજવા જેવો છે. નજીકથી હાથોહાથ વાર કરે એને શસ્ત્ર કહેવાય. તલવાર, ગદા વગેરે શસ્ત્ર કોટિમાં ગણાય.

હાથથી છૂટીને દૂરનાં નિશાન પાડે એને અસ્ત્ર કહેવાય. ધનુષ-બાણ, મિસાઈલ વગેરે અસ્ત્ર કોટિમાં આવે. એમાં પણ મંત્રશક્તિ ઉમેરાય એટલે સામાન્ય બાણ પણ અલૌકિક શક્તિઓ ધરાવતું થઈ જાય.

અસ્ત્ર-શસ્ત્રના સંગ્રહો માટે મોટાં મોટાં શાસ્ત્રાગારોની આવશ્યકતા નહોતી. અરે ! દર્ભની સળી ઉપર મંત્રપ્રયોગ કરી બ્રહ્માસ્ત્ર પેદા કર્યાના ઉદાહરણો પુરાણોમાં મળે છે.

અશ્વત્થામા અને અર્જુનની કથા

અશ્વત્થામા પાત્ર નહોતો, છતાં પિતા દ્રોણાચાર્યે પુત્રમોહથી એને બ્રહ્માસ્ત્રની વિદ્યા શીખવી હતી. મહાભારતનાં યુધ્ધ પછીની કાળરાત્રિએ દુષ્ટ અશ્વત્થામાએ પાંડવપુત્રોનો સંહાર કર્યો. પછી પ્રાણ બચાવવા અશ્વત્થામા ઋષિઓના વૃંદમાં સંતાઈને ડાહ્યો ડમરો થઈને બેસી ગયો, પણ અર્જુને એને પકડી પાડ્યો.

અશ્વત્થામા ભયભીત થયો. એણે પોતાના એટલે પ્રાણ બચાવવા દર્ભની સળી લઈ મંત્રો ભણી બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો.

બ્રહ્માસ્ત્રના નિવારણ માટે અર્જુને પણ સામે બ્રહ્માસ્ત્ર છોડ્યું.

બન્ને બ્રહ્માસ્ત્રોના સંઘર્ષથી વરસતી આકરી અગનજ્વાળાઓ પૃથ્વી માટે પ્રલયકારી બની. આખિક

શસ્ત્રો ધારણ કરનારા બે મિસાઈલ ટકરાય એવી પરિસ્થિતિ પેદા થઈ.

વ્યાસ વગેરે ઋષિઓએ વિશ્વને વિનાશમાંથી બચાવવા અશ્વત્થામાને ઠપકો આપી બ્રહ્માસ્ત્રનું સંવરણ કરવા કહ્યું, તો એ પાપીએ કહ્યું, 'મને મારણ આવડે છે, વારણ આવડતું નથી. મારા પિતાએ મને બ્રહ્માસ્ત્ર છોડતાં શીખવ્યું છે, વારતા શીખવ્યું નથી.'

વ્યાસે કહ્યું, 'મૂરખ! વારણ આવડતું નથી તો છોડ્યું શા માટે?' પણ અશ્વત્થામા લાચાર હતો.

ઋષિઓએ વિશ્વકલ્યાણની કામનાથી વિનંતીભરી નજરે શ્રીકૃષ્ણ સામે જોયું. શ્રીકૃષ્ણ ઋષિઓનો સંકેત સમજી ગયા. એણે અર્જુનને બન્ને શસ્ત્રોનાં વારણની આજ્ઞા કરી.

અર્જુને બન્ને શસ્ત્રોને નિવારી લીધાં. અશ્વત્થામાના શસ્ત્રને ભગવાને પોતાનાં ચરણ ઉપર ઝીલ્યું. શ્રીકૃષ્ણના અંગુઠામાં કાયમ એ નિશાની રહી.

આજના વિજ્ઞાનને અણુબોંબ બનાવતા આવડે છે, ફેંકતા આવડે છે, પણ નિવારણ કરવાની તાકાત હજુ શોધાઈ નથી.

ઋષિમુનિઓ કેટલીક વિદ્યાઓને ગુપ્ત રાખવાના મતમાં હતા. જો કે આવી મનોવૃત્તિની કેટલાક લોકો આલોચના કરે છે, પરંતુ આલોચકોએ વિવેકબુદ્ધિ રાખવાની જરુર છે.

ઈરાક-અમેરિકા યુધ્ધ વખતે 'કેમિકલ્સ વેપન'ની બીકે વિશ્વની ઊંઘ હરામ થઈ ગઈ હતી. સંહારક શસ્ત્રોનાં રહસ્યો આસુરી પ્રકૃતિના તત્વો પાસે પહોંચે તો વિશ્વની શું દશા થાય? માટે ગોપનીયતા આવશ્યક છે.

દ્રોણ તો કુપાત્રને સંહારક વિદ્યા શીખવીને જતા રહ્યા. પાછળ વિશ્વની પરિસ્થિતિ કેવી થઈ ? વંદન કરીએ વ્યાસને અથવા તો કૃષ્ણને કે જેણે પોતાની અલૌકિક શક્તિઓથી વિશ્વને વિનાશમાંથી ઉગારી લીધું.

સંહારક રહસ્યો યોગ્ય હાથોમાં સુરક્ષિત રહે એ જ હિતાવહ છે. સર્જનાત્મક રહસ્યોનો જેટલો વ્યાપક પ્રચાર થાય, એ જ હિતાવહ છે.

મંત્રો દ્વારા પેદા થતા વિવિધ અસ્ત્રોની કથાઓ આપણે પુરાણોમાં સાંભળીએ છીએ.

જે બાણથી અગ્નિ પેદા થાય, એ આગ્નેય અસ્ત્ર ગણાય.

જે બાણથી વરસાદ પેદા થાય એ વરુણાસ્ત્ર ગણાય.

જે બાણથી વરસાદી વાદળાઓ આંકડાના તૂલની પેઠે વિખરાઈ જાય તે વાયવ્ય અસ્ત્ર ગણાય.

જે બાણથી શત્રુ સૈન્યમાં ગાંડપણ છવાઈ જાય એ માદકાસ્ત્ર ગણાય.

જે બાણથી શત્રુસેના મૂર્છિત થઈ જાય તે મોહનાસ્ત્ર ગણાય.

જે બાણથી સેનામાં ભ્રાન્તિ ઊભી થઈ જાય અને પરસ્પર પોતાના જ સાથીને શત્રુ માની પરસ્પરનો સંહાર થાય, એવાં શસ્ત્રો પણ હતાં.

ભાગવતજીમાં બાણાસુર નિમિત્તે શિવ અને વિષ્ણુના ભયંકર યુધ્ધનું વર્ણન છે. આમાં શિવે અને વિષ્ણુએ સર્જેલા ઉનિયા અને ટાઢિયા તાવ જેવા રોગોના સંઘર્ષની કથા છે. આ યુધ્ધમાં બન્ને સેનાઓ જૈવિક શસ્ત્રોથી જાતજાતના રોગોથી ગ્રસ્ત બની ગઈ છે. આ 'કેમિકલ્સ વેપન'ના પ્રયોગની કથા છે. આખરે બ્રહ્માની વિનંતીથી બન્ને મહાપુરુષોને સુબુદ્ધિ સૂઝી અને રાસાયણિક શાસ્ત્રોનું નિવારણ કર્યું.



વાનરો પાસે મંત્રવિજ્ઞાન હતું, રાવણ પાસે મંત્રવિજ્ઞાન હતું, રામ પાસે મંત્રવિજ્ઞાન હતું. ભારતના ઋષિમુનિઓ મંત્રવિજ્ઞાનની ખાણ ગણાતા.

ધીરે ધીરે મંત્રવિજ્ઞાન લુપ્ત થતું ગયું. મત્રવિજ્ઞાનને ધારણ કરી શકે તેવી સાધનાઓ કરનારા મહામાનવો ઓછા થતા ગયા.

મંત્રવિજ્ઞાનનું સ્થાન યંત્રવિજ્ઞાને લઈ લીધું. જે કાર્ય પહેલા મંત્રથી થતું તે યંત્રથી થવા લાગ્યું.

આ બન્નેમાં તફાવત એ છે કે, મંત્રવિજ્ઞાન મહદ્અંસે રક્ષણ માટે વપરાતું, જ્યારે આજે યંત્રવિજ્ઞાન સત્તા, સંપત્તી અને સરહદોના વિવાદોમાં નિમિત્ત બન્યું છે.

સક્ષ પ્રશ્નોત્તર

- ભાણદેવજી

વારંવાર પૂછવામાં આવે છે અને વારંવાર જેમની ચર્ચાઓ ચાલે છે, તેવા કેટલાક પ્રશ્નો છે. આવા કેટલાક પ્રશ્નો અને તેમના ઉત્તરોને સમજવાનો આપણે અહીં પ્રયત્ન કરીએ.

૧. ચમત્કાર શું છે ?

સામાન્ય નિયમો પ્રમાણે ન બની શકે, તેવું કાંઈક બને, તેવી ઘટના બને, તેને આપણે ચમત્કાર કહીએ છીએ.

દૃષ્ટાંત :

(૧) રોગનિવારણ શક્તિ (Healing)

(૨) વિચાર વાચન (Thought reading)

(૩) વિચાર સંપ્રેષણ (Telepathy)

(૪) વસ્તુ સર્જન (Materialization)

(૫) દૂરદર્શન (Clairvoyance)

(૬) દૂરશ્રવણ (Clairaudience)

(૭) બે અથવા વધુ સ્થળે ઉપસ્થિત રહેવું (Bilocation)

(૮) ભવિષ્યદર્શન (Precognition)

(૯) ભૂતદર્શન (Retrocognition)

(૧૦) પારલૌકિક દર્શન (Devine seeing)

(૧૧) મનઃપ્રભાવ એટલે કે મનની શક્તિ દ્વારા પદાર્થનું હલનચલન કરવાની શક્તિ (Psychokinesis)

(૧૨) મનોમિતિ એટલે કે વસ્તુના સંપર્ક દ્વારા સંબંધિત વ્યક્તિ વિશે જાણકારી મેળવવી (Psychometry)

(૧૩) પ્રકાશવિકિરણ (Radaisthesia)

(૧૪) શરીરમાંથી બહાર નીકળવું (Exteriorization)

(૧૫) ઉન્નયન એટલે કે આધાર વિના ઊંચે રહેવું (Lavitation)

(૧૬) પદાર્થાકર્ષણ એટલે પદાર્થને અન્ય સ્થળેથી પોતાની પાસે ખેંચી લેવો (Porting)

(૧૭) ભૂમિતલ દર્શન એટલે કે ભૂમિસ્થ ખનિજ કે પાણી અંગે જાણી લેવું (Dowsing)

હવે પ્રશ્ન થાય છે કે આવા ચમત્કારો કેવી રીતે બને છે ? એવી કઈ ઘટના બને છે કે જેને લીધે ચમત્કારિક ઘટના સિદ્ધ થાય છે ?

આવી ચમત્કારિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની અનેક પદ્ધતિઓ છે. તે માટેનું એક વિભૂતિવિજ્ઞાન (Occult science) છે. આધ્યાત્મિક પથ પર વિકાસમાન વ્યક્તિના જીવનમાં અનેકવાર અનાયાસે સિદ્ધિ આવી મળે, તેમ પણ બની શકે છે.

આવી ચમત્કારિક ઘટનાઓ બને છે, તેની પાછળ મૂળ રહસ્ય શું છે ? તે આપણે જોઈએ.

સમગ્ર અસ્તિત્વ ચેતનાના અનેક સ્તરોનું બનેલું છે. આ સ્તરો આ પ્રમાણે છે -

(૧) અવચેતના (Subconscient)

(૨) શારીરિક ચેતના (Physical conciousness)

(૩) પ્રાણમય ચેતના (Vital conciousness)

(૪) મનોમય ચેતના (Mental conciousness)

(૫) ઊર્ધ્વમન (Higher Mind)

(૬) આલોકિત મન (Illumined Mind)

(૭) અંતઃસ્ફુરણાત્મક મન (Intutive Mind)

(૮) અધિમનસ (Over Mind)

(૯) અતિમનસ (Super Mind)

(૧૦) સચ્ચિદાનંદ પરમાત્મા (Supreme

Divinity)

ચેતનાના પ્રત્યેક સ્તરને પોતાનું સ્વરૂપ, પોતાની શક્તિઓ અને પોતાની કાર્યપદ્ધતિ હોય છે. ઊર્ધ્વસ્તરોની શક્તિ, કાર્યપદ્ધતિ નિમ્ન સ્તરો કરતાં ઘણી વધુ હોય છે, તે સ્વાભાવિક છે.

હવે ઊર્ધ્વસ્તરનું કોઈક મોજું નિમ્ન સ્તરમાં ઊતરી આવે ત્યારે તે શક્તિશાળી મોજું નિમ્નસ્તરના નિયમોને અતિક્રમી શકે છે. તે વખતે તે નિમ્નસ્તરમાં એવી ઘટના ઘટે છે, જે તે સ્તરમાં સામાન્ય રીતે ન ઘટી શકે. પરિણામે તે સ્તરમાં અસાધારણ ઘટના સિદ્ધ થાય છે. આ અસાધારણ ઘટના ઊર્ધ્વચેતનાની અસાધારણ શક્તિ દ્વારા નિમ્ન ચેતનામાં સિદ્ધ થાય છે. આવી અસાધારણ ઘટનાને આપણે ચમત્કાર કહીએ છીએ.

ચેતનાના જે તે સ્તર પર સામાન્ય રીતે ન ઘટી શકે તેવી ઘટના તે સ્તરમાં ઊર્ધ્વચેતનામાં અવતરણથી સિદ્ધ થાય છે. આપણને આવી ઘટના ચમત્કાર લાગે છે.

ચમત્કારિક ઘટના - ચમત્કારને સમજાવવાની આ એક જ રીત નથી; અનેકમાંની એક છે.

૨. ભવિષ્યદર્શન શું છે ?

ભવિષ્યકાળમાં જે ઘટના ઘટવાની હોય, તે ઘટનાને વર્તમાનકાળમાં જ અર્થાત્ તે ઘટના ઘટે તે પહેલાં જ જાણી લેવામાં આવે તો તે દર્શનને 'ભવિષ્યદર્શન' કહેવામાં આવે છે. આવી શક્તિને ભવિષ્યદર્શનની શક્તિ કહેવામાં આવે છે.

આવી ભવિષ્યદર્શનની ઘટના કેવી રીતે સિદ્ધ થાય છે?

ભવિષ્યદર્શનની અનેક પદ્ધતિઓ છે. હસ્તરેખાવિદ્યા (Palmisty) છે. જ્યોતિષ વિદ્યા (Astrology) છે. આ સિવાય વિભૂતિવિજ્ઞાન (Occultism)માં પણ ભવિષ્યદર્શનની અનેક પદ્ધતિઓ છે.

અહીં આપણે એટલું સમજીએ કે ભવિષ્યદર્શનની મૂળભૂત પ્રક્રિયા શું છે.

આપણે જે જગતનું દર્શન કરીએ છીએ તે સ્થૂળ જગત છે; પરંતુ સ્થૂળ જગતમાં જ અસ્તિત્વની ઈતિશ્રી નથી, સમાપ્તિ નથી. આપણા આ દૃશ્યમાન સ્થૂળ જગતની પાછળ તેટલું જ કે તેથી પણ વિશાળ એક સૂક્ષ્મજગત છે. આ સૂક્ષ્મજગત સામાન્યતઃ દૃષ્ટિગોચર નથી; પરંતુ તેનું અસ્તિત્વ તો છે જ!

કોઈપણ ઘટના સ્થૂળ જગતમાં ઘટિત થાય ત્યાર પહેલાં તે ઘટના સૂક્ષ્મજગતમાં ઘટિત થાય છે. ત્યાર પછી તે સ્થૂળ જગતમાં આવે છે અને સ્થૂળજગતમાં ઘટિત થાય છે.

હવે કોઈ વ્યક્તિને અલૌકિક દર્શનની શક્તિ પ્રાપ્ત થાય અને તે સૂક્ષ્મજગતમાં બનતી ઘટનાને જોઈ શકે તો? તો તે વ્યક્તિ આપણા આ દૃશ્યમાન સ્થૂળ જગતમાં ઘટનારી ઘટનાને તે ઘટના ઘટે ત્યાર પહેલાં જ જાણી શકે છે. સૂક્ષ્મજગતમાં જોઈને ભવિષ્યમાં આ ઘટના ઘટશે, તેમ તે જાણી શકે છે.

આ છે - ભવિષ્યદર્શન.

અને આ છે - ભવિષ્યદર્શનની શક્તિ!

આ ઘટના ક્યાં ઘટશે, કયા સ્વરૂપે ઘટશે, ક્યારે ઘટશે? તે પણ આ અલૌકિકદર્શન દ્વારા જાણી શકાય છે.

સૂક્ષ્મજગતમાં જે વર્તમાનકાળ હોય તે આપણાં આ સ્થૂળજગતમાં ભવિષ્યકાળ હોઈ શકે છે!

૩. મુક્તાત્મા જન્મ ધારણ કરે કે નહીં ?

પ્રથમ પ્રશ્ન છે - મુક્તાત્મા એટલે કોણ ? કેવો પુરુષ મુક્તાત્મા ગણાય છે?

જે માયાથી, અવિદ્યાથી સર્વથા મુક્ત છે; જે રાગદ્વેષથી સર્વથા મુક્ત છે; જે પ્રારબ્ધાદિ કર્મોથી સર્વથા મુક્ત છે, જે જન્મ-મરણનાં બંધનથી પણ સર્વથા મુક્ત છે, તે મુક્તાત્મા છે.

જેમને આત્મજ્ઞાન થયું છે, જે બ્રહ્મનિષ્ઠ છે, જે આત્મચેતનામાં સર્વથા પ્રતિષ્ઠિત છે, તે મુક્તાત્મા છે.

હવે પ્રશ્ન છે - મુક્તાત્મા જન્મ ધારણ કરે કે નહીં?

સામાન્ય માન્યતા એવી છે કે મુક્તાત્માને જન્મ હોય જ નહીં. મુક્તાત્માને જન્મ ધારણ કરવાનો હોય જ નહીં.

હા, એ વાત સાચી છે કે મુક્તાત્મા જન્મ-મરણનાં બંધનથી મુક્ત છે. મુક્તાત્માને જન્મ ધારણ કરવાનું કોઈ બંધન નથી!

પરંતુ હવે આપણી સમક્ષ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે મુક્તાત્મા જન્મ ધારણ કરવા ઇચ્છે તો જન્મ ધારણ કરી શકે કે નહીં?

હા, મુક્તાત્મા જન્મ ધારણ કરવા ઇચ્છે તો તે જન્મ ધારણ કરી શકે છે ! જેમ મુક્તાત્મા માટે જન્મ ધારણ કરવાનું કોઈ બંધન નથી તેમ મુક્તાત્મા માટે જન્મ ધારણ ન કરવાનું પણ કોઈ બંધન નથી.

મુક્તાત્મા જન્મ ધારણ કરવા માટે કે જન્મ ન ધારણ કરવા માટે મુક્ત છે. આમ મુક્તાત્મા જન્મ ધારણ કરવા ઇચ્છે તો જન્મ ધારણ કરી શકે છે.

જો પરબ્રહ્મ પરમાત્મા પણ પૃથ્વી પર માનવ સ્વરૂપ

ધારણ કરીને અવતરે છે, તો મુક્તાત્મા જન્મ ધારણ શા માટે ન કરી શકે ?

તો શું કોઈ મુક્તાત્મા આ પૃથ્વી પર જન્મ ધારણ કરીને પ્રગટ થયા છે ?

હા, એક નહીં અનેક મુક્તાત્માએ પૃથ્વી પર જન્મ ધારણ કર્યો છે.

જ્ઞાનેશ્વર, ગોરખનાથ, મીરાંબાઈ, શુકદેવજી, આદિ શંકરાચાર્ય અને અન્ય અનેક મુક્તાત્મા આ પૃથ્વી પર પ્રગટ થયા છે અને થતા રહેશે !

૪. પ્રેમથી અદ્વૈત સિદ્ધ થઈ શકે ?

સામાન્ય માન્યતા એવી છે અને જ્ઞાનમાર્ગના સાધકો અને સિદ્ધો પણ કહે છે કે જ્ઞાન દ્વારા અને માત્ર જ્ઞાન દ્વારા જ અદ્વૈત સિદ્ધિ થાય છે, અન્ય કોઈ માર્ગ દ્વારા નહીં.

એમ પણ કહેવાયું છે - ऋते ज्ञानात् न मुक्तिः ।

''જ્ઞાન વિના મુક્તિ નથી''

હવે આપણી સમક્ષ લાખ રૂપિયાનો પ્રશ્ન છે - પ્રેમ દ્વારા, પરમ ભગવત્ - પ્રેમ દ્વારા પણ અદ્વૈતસિદ્ધિ અને તદ્નુસાર મુક્તિની પ્રાપ્તિ થઈ શકે કે નહીં ?

અમારો જ નહીં, પ્રેમમાર્ગના અગણિત સિદ્ધોનો અનુભવસિદ્ધ મત છે કે ભગવત્-પ્રેમ દ્વારા પણ અદ્વૈતસિદ્ધિ અને તદ્નુસાર મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે.

શ્રીચૈતન્ય મહાપ્રભુની પરમ કૃષ્ણ-પ્રીતિ જુઓ ! મીરાંનો કૃષ્ણપ્રેમ જુઓ ! સ્પષ્ટ સમજાઈ જશે કે પ્રેમ દ્વારા પણ અદ્વૈતસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. તે અદ્વૈતને 'પ્રેમાદ્વૈત' કહેવામાં આવે છે. જે જ્ઞાન દ્વારા જ્ઞાનાદ્વૈત સિદ્ધ થાય છે, તેમ પ્રેમ દ્વારા પ્રેમાદ્વૈત સિદ્ધ થાય છે. બન્નેમાં અદ્વૈત તો છે જ !

જીવનભર ''દર્શન દ્યો ઘનશ્યામ ! દર્શન દ્યો ઘનશ્યામ!'' ની રટણા કરનાર મીરાંબાઈ અંતે શું કહે છે ?

મીરાંબાઈ કહે છે -

''તુમ બિન હમ બિન નહીં કછુ ભેદા''

આ પ્રેમાદ્વૈત છે, આ મીરાંબાઈનું અદ્વૈત છે.

ભક્તિને જાતે અનુભવીને ભક્ત નરસિંહ મહેતા ગાય છે -

''ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે''

આ ભક્તિથી શું સિદ્ધ થાય છે ?

''અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી
મુક્તિ ચરણની દાસી રે.''

આ પ્રેમ-ભક્તિનો મહિમા છે.

શ્રી રાધાજી શ્રીકૃષ્ણ પ્રેમ દ્વારા જે પામ્યા તે અદ્વૈતસિદ્ધિ-મુક્તિથી ઓછું નથી; અધિક છે !

પ્રેમ દ્વારા પણ અદ્વૈત સિદ્ધ થઈ શકે - પ્રેમાદ્વૈત !



છે અને તે અર્થ બરાબર છે. ત્રણેય અર્થો વચ્ચે કોઈ વિરોધાભાસ નથી, પરંતુ આ તૃતીય અર્થ વધુ પ્રચલિત, માન્ય અને વધુ સચોટ અને વિશિષ્ટ (Specific) છે.

હવે આપણે બ્રહ્મચર્યનો મહિમા સમજીએ.

આપણા દેશમાં અતિ પ્રાચીનકાળથી આજ સુધી ધર્મ-અધ્યાત્મની સર્વ ધારાઓમાં બ્રહ્મચર્યનો અપરંપાર મહિમા ગવાયો છે. શા માટે ? સર્વ ધર્મ - અધ્યાય ધારાઓમાં બ્રહ્મચર્યનો આદેશ થયો છે. શા માટે ?

આપણા આ ભારતવર્ષમાં બ્રહ્મચર્યનો વિચાર નૈતિક દૃષ્ટિકોણથી નહીં, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી થયો છે.

Moraly speaking nothing is wrong in sex and spiritually speaking nothing is more wrong then sex.

"નૈતિક દૃષ્ટિકોણથી વિચારીએ તો કામમાં કાંઈ ખોટું નથી અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિચારીએ તો કામથી વધારે ખોટું (બાધાકારક) કાંઈ નથી."

આધ્યાત્મિક વિકાસ એટલે ચેતનાનું ઊર્ધ્વીકરણ અને કામ અને કામોપભોગથી ચેતના અધોગામી બન્ને છે. બંનેનો મેળ કેવી રીતે બેસે ? જ્યાં સુધી ચેતનામાં કામવાસનાની ભીનાશ હોય ત્યાં સુધી અધ્યાત્મનો અગ્નિ પ્રજ્વલિત થઈ શકે નહીં. આ અધ્યાત્મજગતનું એક સત્ય છે.

તેથી જ કહેવાયું છે.

"જહાં રામ વહાં કામ નહીં,
જહાં કામ વહાં નહીં રામ."

આમ સ્પષ્ટ છે કે કામ એ કામોપભોગ આધ્યાત્મિકવિકાસમાં બાધારૂપ તત્ત્વ છે. આમ હોવાથી ભારતમાં બ્રહ્મચર્યનો અપરંપાર મહિમા ગવાયો છે અને તે બરાબર જ છે.

૭. પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ કયું છે ?

હરિ તારાં હજાર નામ, કયાં નામે લખવો કાગળિયો ?

આમ પરમાત્માના તો હજારો નામો છે. હવે આપણી સમક્ષ પ્રશ્ન છે - પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ કયું છે ? તેનું કયું નામ સર્વશ્રેષ્ઠ નામ છે ?

તે સર્વશ્રેષ્ઠ નામ છે - ૐ, ઓમ, પ્રણવ !

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે - ૐ તો નિર્ગુણ નિરાકારનું જ નામ છે, તો તેને સર્વશ્રેષ્ઠ નામ કેવી રીતે ગણી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર છે - સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ જુદાં જુદાં નથી. એક જ પરમ તત્ત્વનાં બે સ્વરૂપ છે. તો બન્નેના મૂળભૂત સ્વરૂપનું આ 'ૐ' સર્વશ્રેષ્ઠ નામ છે. એમ હોવામાં કાંઈ વિરોધાભાસ નથી.

'ૐ' આ નામ કોઈના દ્વારા આપવામાં આવેલું નથી. આ સ્વયંસ્ફૂર્ત અનાદિ નાદબ્રહ્મ છે. ભારતીય સૃષ્ટિમીમાંસા પ્રમાણે સમગ્ર સૃષ્ટિ નાદબ્રહ્મમાંથી પ્રગટ થઈ છે. આ આદિ નાદ કયો છે ? આ આદિ નાદ છે - 'ૐ' - ઓમ્‌કાર !

વેદો, ઉપનિષદો આદિ ધર્મગ્રંથો આદિથી અંત સુધી 'ૐ' ઓમ્‌કારથી ભરેલા છે. પ્રશ્ચાત્‌વર્તી ગીતા, ભાગવત્‌ આદિ ગ્રંથોમાં પણ 'ૐ' ઓમ્‌કારનો અપરંપાર મહિમા ગવાયો છે.

ઓમ્‌કારની ઉપાસના પ્રણવોપાસના તો વેદધર્મની એક મહામૂલ્યવાન સાધના છે.

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासानिशितं संघयीत ।
आयम्य तद् भागवतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्य विद्धि ॥

– मुण्डकोपनिषद्: २-२-३

"ઉપનિષદોમાં વર્ણવેલ મહાન અસ્ત્ર એવા પ્રણવરૂપ ધનુષ્યને લઈને, ઉપાસના દ્વારા તીક્ષ્ણ ધારયુક્ત બાણનું સંધાન કર. ભાવપૂર્ણ ચિત્તથી ખેંચીને, તે પરબ્રહ્મ અક્ષરને લક્ષ્ય ગણીને હે સૌમ્ય ! તું લક્ષ્યનું વેધન કર ! તું પરબ્રહ્મને પામી લે !" શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં પણ 'ઓમ્‌કાર'નો અપાર મહિમા ગવાયો છે.

तस्मादोमित्युदाहत्य यज्ञदानतपः क्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥

– श्रीमद् भगवद्गीताः १७-२८

"તેથી વેદમંત્રોનું ઉચ્ચારણ કરનાર બ્રહ્મજ્ઞાનીઓની શાસ્ત્રવિધિથી નિયત થયેલી યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ 'ૐ' આ પરમાત્માના સર્વશ્રેષ્ઠ નામનું ઉચ્ચારણ કરીને જ થાય છે." આવો 'ૐ' નો મહિમા છે.

અરે ! બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં પણ 'ૐ' ઓમ્‌કારનો ખૂબ સ્વીકાર અને વિનિમય થયો છે.

[redacted] પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ છે.

■■■

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

મીઠાબોલાં

મીઠા બોલા છે બહુ મુલકમાં -
હેતુ તો કડવા કોક,
છેવટ મીઠા તે કડવા નીવડે
કડવા તે મીઠા લોક;
કડવા તે મીઠા લોક છે સાચા,
મીઠા બોલા તો ટાંકણે કાચા !
કહે કોવિદરામ પરખો પલકમાં
મીઠા બોલા છે બહુ મુલકમાં
હેતુ તો કડવા કોક.

'મીઠા બોલા, મનહરા, ચાવા ને ચકોર;
મીઠી મીઠી વાતું કરે, પેટના કોરા ધાકોર.''

કારેલાં, લીમડો, સુદર્શન આ બધાનો સ્વાદ કડવો છે, પરંતુ શરીર માટે ગુણકારી છે. ખાંડ, સાકર, ગોળ વગેરે સ્વાદમાં મીઠાં છે, પણ શરીર માટે નુકસાનકારક છે. ગરમ પાણીથી નહાવું અને ગળ્યું ખાવું એ શરૂઆતમાં સારું લાગે, પણ સરવાળે નુકસાન કરે છે. ઠંડા પાણીથી ન્હાવું અને કડવું ખાવું એ શરૂઆતમાં ગમે નહીં, પણ અંતમાં ફાયદો કરાવે છે.

એવી જ રીતે જે લોકો મીઠાબોલા છે એ સરવાળે હાનીકર્તા હોય છે અને જે કડવાબોલા છે એ સરવાળે ફાયદાકારક હોય છે. જે સ્વાદમાં, વાણીમાં બન્ને રીતે કડવા છે એ સાચા અને મીઠાં છે તે અંતમાં કાચા સિદ્ધ થાય છે. માણસને આ રીતે પારખીને પસંદ કરીએ તો પસ્તાવું પડે નહીં.

■■■

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી

- સાધુ યજ્ઞવલ્લભદાસ

સત્સંગ પ્રચારની અદ્વિતીય સેવા

સંપ્રદાયનો ઊગતો સમય હતો. હાડમારીનો પાર નહોતો. ઉપરથી દ્વેષી લોકો તરફથી પડતી મુશ્કેલીઓ અસહનીય હતી. આવા કપરા સમયે શ્રીજી મહારાજની આજ્ઞાથી સંતો દેશ-પ્રદેશમાં વિચરણ કરતા. શ્રીજી મહારાજના અણધાર્યા ફરતા કઠણ પ્રકરણો અને આજ્ઞાઓનું પાલન કરતાં કરતાં સંતોએ ઘણા જીવોને સત્સંગના રંગે રંગ્યા હતા.

ઝાઝા જીવોને ભગવાન ઓળખાવી શ્રીજી મહારાજનાં શરણે લઈ જવા એવું અદ્‌ભુતાનંદ સ્વામીનું તાન હતું. એટલે જ મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામીને જ્યાં મોકલતા ત્યાં તેઓ અત્યંત ઉત્સાહથી જતા. જે તે પ્રદેશમાં ગમે તેવો તિરસ્કાર થાય, અપમાન થાય કે ગમે તેવી કઠિન મુશ્કેલીઓ સહન કરવી પડે, પણ સ્વામીનું મન ક્યારેય નબળું પડ્યું નહોતું. શ્રીજી મહારાજની મરજી હોય ત્યાં ભૂખ-તરસ, ઠંડી-ગરમી, ઉજાગરા વેઠવા, લાંબો પંથ કાપવો વગેરેમાં ઉત્સાહ વર્તતો. પરિસ્થિતિને વશ થઈ ક્યારેય પણ કંટાળ્યા વિના સ્વામીએ મહારાજને ઓળખાવવાની ખૂબ મોટી સેવા કરી હતી. સાધુ થયા ત્યારથી છેલ્લી અવસ્થા સુધી સ્વામી ક્યારેય પગ વાળીને બેઠા નહોતા.

સ્વામીએ ખૂબ વિચરણ કર્યું હતું અને કેટલાય લોકોને સત્સંગીઓ કર્યા હતા. અહીં સ્વામીનાં વિચરણના કેટલાક પ્રસંગો જોઈએ.

વસો ગામમાં સત્સંગ

અદ્‌ભુતાનંદ સ્વામીને સત્સંગ કરાવવાના ખપનો એક પ્રસંગ માણવા જેવો છે. અદ્‌ભુતાનંદ સ્વામી એક દિવસ વડતાલથી નજીકના જ વસો ગામ ગયેલા. વસોના કસિયાભાઈ સ્વામિનારાયણનું નામ સાંભળી ભડકતા. એમને ભગવાન શ્રીસ્વામિનારાયણ અને એમના સાધુઓ પ્રત્યે ભારે નફરત હતી. એમને જ્યારે ખબર પડી કે ગામની બહાર કોઈ સ્વામિનારાયણના સાધુ આવ્યા છે ત્યારે તેમણે સિપાઈ મોકલી સ્વામીને ગામની બહાર કાઢ્યા.

પરંતુ સ્વામી હાર માને એવા નહોતા. પેલો સિપાઈ જેવો પાછો જાય કે સ્વામી તુરંત ગામમાં પાછા આવે. કસિયાભાઈ પાછા સૈનિકને મોકલે અને સ્વામીને ગામ બહાર કાઢે. આમ બાર વખત સ્વામીને ગામની બહાર કાઢ્યા અને સ્વામી પાછા ગામની ધર્મશાળામાં આવી જાય.

ત્યારે પેલો સિપાઈ સ્વામીને કહે, ''સ્વામિનારાયણ કે મૂંડિયે ? તુમ કો લાજ નહિ હૈ ?'' સ્વામી હસતાં હસતાં એને કહે, ''લાજ હોય તો લંગોટી શીદ વાળીએ ?''

આ સંવાદ ચાલે છે તેવા સમયમાં ધર્મશાળામાં એક સુરદાસ મહાદેવજીનાં દર્શન કરવાં આવ્યા. તેમણે પેલા સિપાઈને ડારો દઈ કહ્યું, ''અત્યારે સાધુ ક્યાં જાય ? જા, કસિયાબાપાને કહેજે કે, સાધુ નહિ જાય.''

પછી તો સ્વામી વસોમાં રોકાયા. બીજે દિવસે સવારે કસિયાજીભાઈની હવેલીએથી ભિક્ષા માગી. ભિક્ષામાં દાળ, ભાત, રોટલી મળી તે સ્વામી રામ સરોવરે જઈને જમ્યા.

આવી કઠણ પરિસ્થિતિ વચ્ચે સ્વામીએ વસો ગામમાં રોકાઈ સત્સંગ કરાવ્યો. પછી તો મહારાજે મુક્તાનંદ સ્વામીને ત્યાં મોકલ્યા. સ્વામી કસિયાભાઈની એક ઓરડી હતી તેમાં ઊતર્યા. ત્યાં સ્વામી મધુર વાણીથી કીર્તનોનું ગાન કરે. સ્વામીનો મધુર કંઠ અને હૃદયની આરપાર ઊતરી જાય તેવાં કીર્તનના શબ્દો સાંભળી કસિયાજીભાઈના પિતરાઈ તળસીભાઈ તથા વાંસજીભાઈ સ્વામી પાસે બેસવા આવતા. તેઓ બન્ને ભારે ભાવિક હતા. ગામમાં આવનારા સાધુ-સંતોને સાચવતા. સ્વામીએ આ બન્નેને વાતો કરી મહારાજનો મહિમા સમજાવ્યો અને સમયાંતરે બન્ને સત્સંગી થયા.

કચ્છમાં વિચરણ

એક સમયે અદ્‌ભુતાનંદ સ્વામી તથા કાનડાનંદ સ્વામી ફરતાં ફરતાં કચ્છમાં પધાર્યા. ધૂફી નામના ગામમાં ગરાસિયાનો ચોરો હતો ત્યાં સંતોએ રાતવાસો કર્યો. સાધુઓને આવેલા જોઈ મુમુક્ષુ ગરાસિયાઓએ સંતોને બાજરાનો લોટ અને મીઠું આપ્યું.સંતો તે જમ્યા અને ત્યાં રાત રહી સવારે ત્યાંથી ચાલી નીકળ્યા.

એવામાં સંતોને ખબર મળ્યા કે મહારાજ તેરા ગામ પધાર્યા છે. તેથી મહારાજનાં દર્શન કરવાં બન્ને સંતો તેરા આવ્યા. મહારાજે સ્વામીને પૂછ્યું, "રાત્રે કયા ગામમાં રહ્યા હતા ?" સ્વામીએ કહ્યું, "ધૂફી ગામ રાત રહ્યા હતા." "ખાવાનું કંઈ મળ્યું હતું ?" "હા મહારાજ ! ગામના મુમુક્ષુ ગરાસિયાઓએ બાજરાનો લોટ અને મીઠું આપ્યાં હતાં તે અમે જમ્યા હતા."

મહારાજે કહ્યું, "એમનું સારું થશે."

પછી તો થોડા જ સમયમાં તે ગરાસિયાઓનાં છ ગામ ભૂજના રાજાએ કબજે કર્યાં હતાં તે છૂટાં કરી આપ્યાં. સંતોના આ પ્રતાપથી ગરાસિયાઓને ગુણ આવ્યો અને તે સત્સંગી થયા.

★★★★★★

એક વખત અદ્‌ભુતાનંદ સ્વામી સાંજના સમયે તેરા ગામના તળાવે નહાવા ગયા. ત્યારે ગામના કોઈ દ્વેષી લોકોએ સ્વામીનાં ભગવાં કપડાં આંચકી લઈને ફાડી નાંખ્યાં અને સ્વામીને ખૂબ માર માર્યો.

આ વાતની શ્રીજી મહારાજને ખબર પડી ત્યારે ગામના દરબારને ફરિયાદ કરી માર મારનાર લોકોને ઠપકો અપાવ્યો. આ બનાવ બનવાથી મહારાજ તેરાથી થોડા નારાજ થઈ ગયા, એટલે જે સમૈયો તેરામાં કરવાનો હતો તે કાળાતળાવ કર્યો.

કાનમ પ્રદેશમાં વિચરણ

એક વખત શ્રીજી મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને વિચરણ કરવા મોકલ્યા. સ્વામી કાનમ દેશમાં વિચરણ કરતાં કરતાં ગામ વેમારડી આવ્યા. ગામની બહાર એક મોટો વડલો હતો, તેની નીચે સ્વામીએ ઉતારો કર્યો. ગામમાં એક મુમુક્ષુ ભક્તિભાઈ કરીને રહેતા હતા, તે સંતોના આચાર-વ્યવહાર જોઈને આકર્ષાયા. સત્સંગ કરવા આવ્યા. સ્વામીએ એમને મહારાજનો મહિમા કહી બળભરી વાતો કરી. સ્વામીના શબ્દપ્રહારમાં ભક્તિભાઈ વિંધાઈ ગયા અને સત્સંગી થયા. ભક્તિભાઈના યોગે કરીને પછી તો આખું વેમાપડી ગામ સત્સંગી થયું. એ પછી સ્વામી ચોરંદા પધાર્યા. ત્યાંના અમીન બેચરભાઈને સત્સંગ કરાવ્યો અને એ ગામમાં પણ ઘણા સત્સંગી થયા.

સ્વામી થોડા દિવસ આ વિસ્તારમાં રોકાયા અને ગામોગામ સત્સંગ કરાવી રહ્યા હતા. એક દિવસ ભક્તિભાઈ, બેચરભાઈ વગેરે કેટલાક ભક્તજનો સ્વામી પાસે આવ્યા અને કહ્યું, "સ્વામી ! તમે ભગવાન શ્રીસ્વામિનારાયણને અહીં તેડી લાવો. અમારે દર્શન કરવાં છે અને થાય એટલી સેવા કરવી છે."

હરિભક્તોની વિનંતી લઈને અદ્‌ભુતાનંદ સ્વામી ગઢડા આવ્યા. સ્વામીએ મહારાજને કાનમ પ્રદેશના નવા સત્સંગની વાત કરી.

મહારાજ સ્વામી ઉપર રાજી થયા. પછી સ્વામીએ હરિભક્તોની વિનંતી હતી તે કહી. ત્યારે મહારાજ કહે, "અદ્‌ભુતાનંદ સ્વામી ! અમારા વતી આ મુક્તાનંદ સ્વામીને તેડી જાઓ. ત્યાં જઈ જેમ અમારી સેવા-પૂજા કરો છો, એમ જ મુક્તાનંદ સ્વામીની સેવા-પૂજા કરાવજો."

અદ્‌ભુતાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને લઈને વેમારડી આવ્યા. સર્વ ભક્તો દર્શન કરવાં આવ્યાં ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું, "શ્રીજી મહારાજે પોતાના વતી આ મુક્તાનંદ સ્વામીને મોકલ્યા છે. તમે મહારાજની જે જે પ્રકારે કરીને સેવા-પૂજા કરવા માંગતા હો એ સર્વ મુક્તાનંદ સ્વામીની કરો. શ્રીજી મહારાજ તમારા ઉપર ખૂબ રાજી થશે."

'સંત તે સ્વયં હરિ' શ્રીજી મહારાજને અખંડ ધારી રહેલા સંત સ્વયં શ્રીહરિરૂપ છે, એવું માની હરિભક્તોએ મુક્તાનંદ સ્વામીને હિંડોળો બાંધી ઝુલાવ્યા, ભારે ભારે વસ્ત્રો અને ઘરેણાં પહેરાવી ચંદન-પુષ્પથી પૂજા કરી. સ્વામીએ મહારાજની આજ્ઞાથી ભક્તોના ભાવને સ્વીકાર્યો.

આ રીતે અઢાર દિવસ મુક્તાનંદ સ્વામી અહીં રોકાયા અને આસપાસના ગામોમાંથી આવતા ભક્તોની પૂજા-સામગ્રીનો સ્વીકાર કર્યો. જે જે સ્વામીનાં દર્શન-પૂજન કરતા તે સર્વના પાપ બળીને ખાખ થઈ જતાં અને અંતરમાં અજવાળાં પથરાઈ જતાં. આમ થોડા જ દિવસમાં અદ્‌ભુતાનંદ સ્વામીના યોગથી કાનમ દેશમાં ખૂબ સારો સત્સંગ થયો.

એ પછી સંતો ગઢપુર આવ્યા અને કાનમ દેશના ભાવિક ભક્તોની સર્વ વાતો મહારાજને કહી સંભળાવી. તે સાંભળીને શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા.

વિજાપુરમાં સત્સંગ

અદ્‌ભુતાનંદ સ્વામીની વાણી પ્રભાવશાળી હતી. સ્વામીના મુખમાંથી વહેતી મહારાજની મહિમાસભર વાતો સાંભળીને લોકો ખૂબ પ્રભાવિત થતા. સ્વામીના ગંગાના પ્રવાહ જેવા નિર્મળ અમૃતવચનો જેના કાનમાં પડતાં તેનાં હૃદય શાતા પામતાં.

એક સમયે સ્વયં શ્રીજી મહારાજે જેતલપુરમાં સ્વામીની સત્સંગ કરાવવાની ધગશ અને પદ્ધતિના વખાણ મુક્તાનંદ સ્વામી આગળ કર્યાં હતાં.

જેતલપુરમાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા હતા. તે સમયે વિજાપુરનું એક દંપત્તી મહારાજનાં દર્શને આવ્યું. તેમાં ભાઈનું નામ કલ્યાણભાઈ અને બાઈનું નામ વજીબા હતું. તેમને જોઈને મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આ હરિભક્તોના હૃદયમાં અમારી નિષ્ઠા ઠાંસીઠાંસીને ભરેલી છે. એમને અદ્‌ભુતાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો છે.અમે જ્યારે પ્રકરણ ફેરવ્યું હતું કે એક ગામમાં એક રાત જ રહેવું, ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી ફરતાં ફરતાં વિજાપુર ગયા હતા. ત્યાં સીમમાં આ કલ્યાણભાઈ કોશ ચલાવતા હતા. સ્વામી એમની પાછળ પાછળ ફરતા અને અમારા મહિમાની વાતો કરતા.

આખો દિવસ એમની કેડે ફરીને સ્વામીએ એમને સત્સંગ કરાવ્યો છે. ઉપરાંત એ બાઈનાં હૃદયમાં અમારો નિશ્ચય એવો ધરબી દીધો છે કે સ્વયં અમે એમને ઘરે સાધુના વેશે બે દિવસ રોકાઈને એમની પરીક્ષા લીધી છતાં તેઓ ડગ્યા નહોતાં !''

દ્રોહનું પરિણામ : દુર્ગતિ

એક સમયે અદ્‌ભુતાનંદ સ્વામી ફરતાં ફરતાં નર્મદા ઊતરીને ગામ ભદામ પધાર્યા હતા. આ ગામમાં એક પાટીદારને બે દીકરા હતા. એકનું નામ દલાભાઈ હતું. દલાભાઈ મુમુક્ષુ હતા. તેઓએ શ્રદ્ધાથી સ્વામીની વાતો સાંભળી અને સેવા કરી. સ્વામીની મહિમા સભર વાતો સાંભળી એમનાં હૃદયમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ ઊતરી ગયા. તેઓ સત્સંગી થયા.

બીજે દિવસે એકાદશીનો ઉપવાસ હતો. બારસને દિવસે દલાભાઈ ખીચડી રાંધવા ચોખા અને કુંભારના ઘરેથી હાંડલી લઈ આવ્યાં. સ્વામી નદીને કાંઠે ખીચડી રાંધતા હતા. એ સમયે નાંદોદ રાજ્યનો દીવાન ગણેશજી પાટીદાર હતો તે તેની હવેલીના ગોખમાં બેઠો હતો. તેમણે સ્વામીને જોયા. ત્યાં ગામના મહાત્માએ પણ સ્વામીને જોયા અને એ સીધા દીવાન પાસે ગયા. એમણે દીવાનને ચડાવ્યા કે, ''તમે અહીં બેઠા છો, છતાં સ્વામિનારાયણનું ટીખળ આપણા ગામમાં પેસે છે તે બરાબર નહીં. જુઓ પેલો મૂંડિયો ખીચડી રાંધે છે, જો તે આપણાં ગામનું અન્ન જમશે તો આપણું સૌનું ભૂંડું થશે.'' મહાત્માની ચડામણીથી દીવાને એક સિપાઈને હુકમ કર્યો કે, 'પેલા મૂંડિયાને ગામ બહાર હાંકી કાઢો.'

સિપાઈએ સ્વામી પાસે આવી ગામમાંથી ચાલ્યા જવા કહ્યું. સ્વામીએ સિપાઈને કહ્યું, ''ભાઈ ! ખીચડી ચડે છે. ચડી રહેશે એટલે તે જમીને હું જતો રહીશ.''

સ્વામીની વિનંતી સાંભળી સિપાઈ જતો રહ્યો. ગામમાં જઈને દીવાનને વાત કરી. ત્યારે દીવાને ક્રોધિત થઈ સિપાઈને કહ્યું, ''તું એ બાવલિયાને હમણાં ને હમણાં કાઢી મેલ, નહિ તો હું તને નોકરીમાંથી કાઢી મૂકીશ.''

સિપાઈએ ફરી આવીને સ્વામીને કહ્યું, ''તમે અત્યારે જ જતા રહો, જો નહીં જાઓ તો દીવાન મને નોકરીમાંથી કાઢી મેલશે.''

સ્વામી કહે, ''સારું ભાઈ ! હું જાઉં છું. તું હાંડલી ફોડીશ નહીં. આ ખીચડી ચડે છે એ ચડી રહે એટલે તું લઈ જજે. મારા લીધે તારો રોટલો છીનવાય એવું નથી કરવું.'' એમ કહી સ્વામી ચિત્રાવડી ગામે ગયા.

ચિત્રાવડીમાં ભીખાભાઈ નામે એક પાટીદાર હતા. તેને ઘરે જઈ જમવાનું માગ્યું. ત્યારે તેમણે એક શેર બાજરીનો લોટ આપ્યો. સ્વામીએ લોટની બાટીઓ બનાવી જમ્યા.

સ્વામી માન-અપમાનથી પર હતા, પરંતુ પોતાના સંતનું આ અપમાન મહારાજથી ન ખમાયું. ભદામ ગામના દીવાને સ્વામીને ગામમાંથી ભૂખ્યા કાઢ્યા તેથી મહારાજની મરજીથી બીજા જ દિવસે રાત્રે દીવાનનું મગજ ફરી ગયું. એ રાજાના ભયંકર ગુનામાં પકડાઈ ગયો. રાજાએ જ્યારે એના ઘરની જડતી લીધી ત્યારે રાજ્યનું ઘણું ધન પણ નીકળ્યું. તેથી ક્રોધે ભરાયેલા રાજાએ દીવાનને જેલમાં પૂર્યો અને થોડા જ દિવસમાં મૃત્યુ પામ્યો. સ્વામી જેવા સંતના દ્રોહનું પરિણામ તુરંત મળ્યું અને દુર્ગતિ થઈ.

ચિત્રાવડીના પાટીદારે સ્વામીને જમાડ્યા તેથી શ્રીહરિ એમની સેવાથી ભારે પ્રસન્ન થયા. તેમને કોઈ સંતાન નહોતું. સમય જતા મહારાજની મરજીથી એમને સાત દીકરા થયા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ.....
.....જે પીડ પરાઈ જાને રે.

- મહેશ પઢારિયા

'ભગવન્ ! હજુ મને આપના જેવી શાંતિનો અનુભવ થતો નથી. આમ કેમ?'

કલિંગના યુદ્ધે વેરેલા વિનાશ અને લોહી-માંસના કાદવ-કીચડથી હૃદય પરિવર્તન પામેલા સમ્રાટ અશોકે બૌદ્ધ સાધુ ઉપગુપ્તના શરણે હથિયાર છોડ્યાં. શસ્ત્રને બદલે શાસ્ત્રથી લોકોનાં દિલ જીતવા બૌદ્ધધર્મનું શરણ સ્વીકાર્યું, રાજપાટ બધું છોડ્યું. પછીના કેટલાક સમય બાદ પોતાને ભિક્ષુ ઉપગુપ્તના જેવી શાંતિનો અનુભવ થયો નથી એવું ભાન થતા એક દિવસ અશોકે બૌદ્ધ સાધુ ઉપગુપ્તને ઉપરનો પ્રશ્ન કર્યો.

'તારે હજુ ઘણું છોડવાનું બાકી છે.'

બૌદ્ધ સાધુ ઉપગુપ્તે અશાંતિનું કારણ સમજાવતાં કહ્યું.

'અરે ભગવન્ ! રાજ-પાટ, વૈભવ, પરિવાર બધું જ છોડ્યું, હવે તો મારી પાસે કાંઈ શેષ બચ્યું નથી કે જે હું છોડીને બતાવું. આટલા ત્યાગ પછી પણ આપ કહો છો કે મારે હજુ ઘણું છોડવાનું બાકી છે !'

પ્રિયદર્શી અશોકે પોતાનો ત્યાગ અને સ્થિતિ સમજાવી.

'હા તેં ઘણું બધું છોડ્યું, એ કદાચ સહજ ગણાય, પણ હવે જે તારે છોડવાનું છે એ કદાચ સૌથી કઠિન બાબત છે.' ઉપગુપ્તે ગંભીરતાથી કહ્યું.

'એવું તેં શું છે કે આટલું છોડ્યા પછી પણ હું એ નહીં છોડી શકું?'

અશોકે થોડી અકળામણ સાથે પૂછ્યું.

'જો, તે જે જે ગણાવ્યું તે છોડ્યું એ બરાબર, 'પણ મેં આટલું બધું છોડ્યું છે' એ ભાવ હજુ તારા દિલોદિમાગનો કબજો છોડવા તૈયાર નથી. ત્યાગનું પણ અભિમાન હોઈ શકે ! જે દિવસે એ છૂટી જશે ત્યારે તું પરમ શાંતિનો અનુભવ કરી શકીશ.' ઉપગુપ્તે અશોકને અશાંતિનું કારણ સમજાવતા કહ્યું.

સમ્રાટ અશોક અને ભિક્ષુ ઉપગુપ્તનો આ સંવાદ આપણને ભક્ત નરસૈયાએ પોતાના અમર પદ 'વૈષ્ણવજન'માં વર્ણવેલ લક્ષણો પૈકી બીજું લક્ષણ 'પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે..' સમજવામાં ઉપકારક બને એમ છે.

ત્યાગીને ભોગવવું, ઉપકાર પછી એનું અભિમાન ન કરવું, 'ખાયા સો ખોયા' જેવી વિચિત્ર અને ચકરાવે ચડાવી



દે એવી વાત આપણું ભારતીય તત્વજ્ઞાન કરે છે.

પારકાની પીડા અનુભવીને એને મદદ કરવી, એની ઉપર ઉપકાર કરવો ત્યાં સુધીની સીધી વાત તો આપણા બધાના ગળે ઊતરે એ સ્વાભાવિક છે, પણ ઉપકાર કર્યા પછી માનવસહજ ઊગતું અભિમાન - ઉપકાર કર્યાનો ભાવ ન ઊગવા દેવો કે ઊગે તો ડામી દેવો એવી વાત આપણા જેવા સામાન્ય માણસોને ન સમજાય અને કદાચ સમજાય તો અશક્ય લાગે એ સહજ છે.

કોઈ સંસ્થામાં એક પંખાનું દાન કરીને ત્રણેય પાંખડાં ઉપર પોતાનું નામ લખાવતા દાનવીરને આ વાત ન પચે - જેમ બિલાડીને ખીર ન પચે એમ, એ સ્વાભાવિક છે.

પરંતુ ઉપગુપ્તની વાત ગળે ન ઊતરે એટલે ધ્યાને ન લેવી એ તો ખોટનો ધંધો ગણાય. આપણાં સદનસીબે આ પૃથ્વી પર અનેક આવા મહાપુરુષો વિચર્યા છે કે જેમણે સમાજ ઉપરના ઉપકાર પછી અહોભાવ કે અભિમાન જન્મવા નથી દીધો.

આ સમજવા માટે એક પ્રસંગ પૂરતો થશે. ગુજરાતના પ્રખર કેળવણીકાર, દક્ષિણામૂર્તિ - ભાવનગર, ગ્રામદક્ષિણામૂર્તિ - આંબલા અને લોકભારતી

ગ્રામવિદ્યાપીઠ - સણોસરા જેવી રાષ્ટ્રીય વિરાસત સંસ્થાના સ્થાપક નાનાભાઈ ભટ્ટની ઉત્તરાવસ્થાનો પ્રસંગ છે. નાનાભાઈ અપંગ થયા પછી અવારનવાર લોકભારતીના તેમના નિવાસસ્થાનની સામેના મેદાનમાં ખુરશી નાખીને બેસતાં. એકવાર આ રીતે તેઓ બેઠેલા હતા ત્યાં એક પ્રવાસી ટુકડી લોકભારતીમાં આવી. તેમાંથી મોટાભાગનાને નાનાભાઈનો પરિચય નહીં એટલે આજુબાજુ ઊભા રહ્યા અને તેમાંથી એક જણે પૂછ્યું : 'તમારું નામ શું ? તમે શું કરો છો ?'

'મારું નામ નાનાભાઈ, હું મહેતાજી છું, પગાર લઈને છોકરાઓને ભણાવતો. મારા બાપા પગાર લીધા વગર ભણાવતા. હું હજુ એમની કક્ષાએ પહોંચ્યો નથી.' નાનાભાઈએ નમ્રતાથી અને થોડા ખેદ સાથે જણાવ્યું.

(નાનાભાઈ પ્રસંગદીપ, પ્રસંગ - ૮, પાનાનંબર - ૧૨, પ્રકાશક - પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ)

પેલી પ્રવાસી ટુકડી નાનાભાઈના જવાબમાંથી કેટલું પામી હશે એની તો ખબર નહીં પણ આપણે 'ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે...' ના સંદર્ભે આ પ્રસંગને મૂલવીએ.

શામળદાસ કોલેજના ઈતિહાસના પ્રોફેસર નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટને ૧૯૦૯માં અઢીસો રૂપિયાનો માસિક પગાર હતો. માત્ર જીવનલક્ષી કેળવણી આપવાના ધ્યેય સાથે પ્રોફેસરી છોડીને દક્ષિણામૂર્તિ સ્થાપી, તેના માસિક ૫૦ રૂપિયાના પગારદાર નોકર બન્યા.

વળી પાછા એક શુભ દિને મહાત્મા ગાંધીની 'ગામડે જઈ બેસવાની' સલાહથી ભાવનગરની ફૂલીફાલેલી દક્ષિણામૂર્તિ છોડીને ધૂળિયા ગામ આંબલા આવી પાયાની કેળવણીનું કાર્ય આરંભ્યું.

જીવનના ઉત્તરાર્ધમાં લોકભારતી સ્થાપી. એ જ નાનાભાઈ પોતાનો પરિચય સહજતાથી ઉપર મુજબ આપે, એમાં ભક્ત નરસૈંયાએ વર્ણવેલ વૈષ્ણવજનના દ્વિતીય લક્ષણનાં દર્શન સાંગોપાંગ થાય છે.

નરસૈંયા જેવા ઉચ્ચ કોટિના ભક્તજન અશક્ય હોય એવી આકાશી વાતો ન કરે એ સહજ છે.

આવા મહાપુરુષો - વૈષ્ણવજનના રસ્તે ચાલતા મહાનુભાવો પોતે જે કંઈ કાર્ય ત્યાગ કરીને મોટી ધાડ મારે તો પણ એ તો ઈશ્વરને જ કર્તાહર્તા માનતાં હોય છે. એટલે ક્યારેય પેલા શ્વાનની માફક શકટનો ભાર પોતે તાણતાં હોય એવું નથી માનતાં.

પોતાને માત્ર કોઈ કાર્ય માટે નિમિત્ત જ માનતા આવા પુરુષો પોતાના ત્યાગ કે કામ માટે નિરાભિમાની રહી શકે છે.

ગુપ્તદાનની આપણી ભવ્ય પરંપરા પાછળ પણ આ દાન કર્યા પછી નિરાભિમાન રહેવાનો ભાવ જોડાયો લાગે છે !

આવા વિચાર માટે આપણે ત્યાં 'જમણો હાથ સત્કાર્ય કરે તો ડાબો હાથ પણ જાણે નહીં' એવો આદર્શ પણ અસ્તિત્વમાં આવ્યો.

જાહેરમાં ઢંઢેરો ટીપીને આપવામાં આવતાં દાનથી લેનારને ક્ષોભમાં મૂકાવું પડે છે.

કોઈની મજબૂરીનો લાભ લઈને ક્ષોભમાં મૂકવા એ હિંસકકાર્ય ગણાય. દાન પણ દોષયુક્ત બને છે. એનાથી બચવા માટે ગુપ્તદાનનો મહિમા થયો હશે !

જે આ સૃષ્ટિમાં ઈશ્વરની સર્વોપરી સત્તા સમજતો હોય, સર્વ કારણના પણ કારણરૂપ ઈશ્વરને જ માનતો હોય, એવો વૈષ્ણવજન પોતે કરેલા કોઈ પરોપકાર કે ત્યાગ માટે અભિમાન કરે એ શક્ય ગણાય ? અને જો એ અભિમાન કરે, તો ઈશ્વરની સત્તામાં શ્રદ્ધા ધરાવતો કહી શકાય ખરો ?

ઈશ્વરશ્રદ્ધા અને અભિમાન પરસ્પર વિરોધી બાબતો છે. એક સાથે બન્ને ટકી જ ન શકે.

એટલે જ સૌરાષ્ટ્રના ભક્ત કવિયત્રી ગંગાસતીએ ગાયું હશે કે 'ભક્તિ રે કરવી તેણે રાંક થઈને રહેવું' અહીં રાંક થવું એટલે બિચારા-બાપડા નહીં, પણ નિરાભિમાની થવાની વાત કરી હોય એવું મને લાગે છે; કારણ કે ભક્ત નિર્ભય હોય, ગાલા-વેલો કે બિચારો બાપડો હોય એવું પરમ તત્વને પામી ચૂકેલા ગંગાસતી વિચારી જ ન શકે એ સ્વભાવિક છે.

આવા, નામનાની પરવા કર્યા વિના સત્કાર્યો કરતા ગાંધીયુગના જાણીતા સમાજ સેવક રવિશંકર મહારાજને લોકોએ ખરા અર્થમાં 'મૂકસેવક' કહ્યા છે.

આવા તો અસંખ્ય લોકસેવકો ગામડે- ગામડે ધૂણી ધખાવીને બેઠા, લોકોપયોગી કાર્યો કર્યા અને જાહેરાત ક્યાંય ન કરી.

આ વાત, માત્ર બે કેળાનું દર્દીને દાન આપીને પણ ફોટા પડાવીને ફેસબુક પર અપલોડ કરતા અત્યારના સેવકોને સમજાય 'યે બાત કુછ હજમ નહિ હોતી હૈ.'

કોરોનાની બીજી લહેર વખતે એક ઓફિસજન સિલિન્ડર સાથે ત્રણ-ચાર રાજકીય ગિલિન્ડરના ફોટા સોશ્યલ મીડિયા પર ફરતા આપણે જોયા છે.

ઠક્કરબાપાએ વર્ષો સુધી પંચમહાલના ભીલ લોકો વચ્ચે રહીને સેવાકાર્ય કર્યું પણ એનો પ્રચાર શૂન્ય.

આવા અદના વૈષ્ણવજનોને સાદર વંદન સાથે અટકું...

જય જગત.....

■■■

સમાચાર દર્શન

પાટોત્સવ તથા શાકોત્સવ

તા. ૨ ફેબ્રુઆરી, વસંતપંચમીના પરમ પવિત્ર દિને SGVP ના પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન શ્રી સીતારામજી, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવની પૂર્વ સંધ્યાએ કેમ્પસમાં ભવ્ય જળયાત્રા યોજાઈ હતી. સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓની સાથે મોટી સંખ્યામાં બહેનો ભક્તો જળના ઘડાનું પૂજન કરી, મસ્તક ઉપર ધારણ કરી જળયાત્રામાં જોડાયા હતા.

પ્રાતઃ કાળે વૈદિક વિધિ અનુસાર આચાર્યશ્રીઓ તથા ઋષિકુમારો દ્વારા મંત્રગાન સાથે વિવિધ ઔષધીઓ, ફળોના રસ, ધાન્ય રસ તેમજ કેસર-ચંદન તથા પુષ્પવૃષ્ટિથી ભગવાનનો દિવ્ય અભિષેક થયો. અભિષેક પૂર્ણ થયા બાદ ભગવાનને નૂતન વસ્ત્રો તથા આભૂષણોથી આભુષિત કરવામાં આવ્યા.

આ પાવન અવસરે શાકોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાકોત્સવની સભાના પ્રારંભે આજરોજ શિક્ષાપત્રી જયંતિ હોવાથી ગ્રંથરાજ શિક્ષાપત્રીનું સમૂહ અનુષ્ઠાન તથા સદ્‌ગુરુ સંતો દ્વારા પૂજન થયું. સાથે સાથે ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ આગળ ધરાવવામાં આવેલ ભવ્ય અન્નકૂટની આરતીનાં દર્શન કરી સહુ ધન્ય થયા હતા.

આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સભાના અંતે સહુ ભક્તજનો શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી છૂટા પડ્યા હતા.

દર્શનીયમ્ દર્શનમ્

સંસ્કૃત ભાષા એક વૈશ્વિક ધરોહર છે. સંસ્કૃત ભાષા તેની વ્યાકરણની શૂદ્ધતા અને ધ્વનિતાં માટે પ્રખ્યાત છે. યુનેસ્કો અને વૈજ્ઞાનિક સંસ્થાઓએ પણ એ સ્વીકાર્યું છે કે સંસ્કૃત ભાષામાં ગણિત, વિજ્ઞાન અને કમ્પ્યુટર પ્રોગ્રામિંગ માટે વધુ અસરકારક માળખાઓ છે. આજના યુગમાં જ્ઞાનની સીમાઓ અસીમ થઈ રહી છે, ત્યારે સંસ્કૃત ભાષા ભવિષ્યની નવી પેઢીના ઘડતર માટે એક મજબૂત આધાર બની શકે છે.

ગુરુકુલની પ્રાચીન પરંપરાને આજના આધુનિક સ્વરૂપે દિવ્ય-ભવ્ય SGVP સંકુલમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે. SGVP દ્વારા સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય વેદ તથા શાસ્ત્રોના રક્ષણ માટે કાર્યરત છે.અહીં વેદ, શાસ્ત્રો અને ઉપનિષદના ઊંડાણભર્યા અભ્યાસની સાથે ટેક્નોલોજી, આઈટી અને રોબોટિક્સ જેવા આધુનિક વિષયોમાં નિપુણતા હાંસલ કરાવવામાં આવે છે. દર્શનમ્ વાસ્તવમાં અધ્યાત્મ, સંસ્કાર, સંસ્કૃતિ અને આધુનિકતાનો સંગમ છે. આ તમામ ક્ષેત્રોને ઉજાગર કરતો અદ્ભુત અને ભવ્ય કાર્નિવલ દર્શનીયમ્ દર્શનમ્નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઋષિકુમારોએ વેદકાળથી માંડી આધુનિક યુગની યાત્રા કરાવી હતી. તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ કાર્નિવલના ઉદ્ઘાટનમાં પરમ પૂજ્ય સ્વામીજી, પૂજ્ય ભાણદેવજી મહારાજ, સો. સં. યુનિ.ના કુલપતિ શ્રી સુકાંત સેનાપતિજી, ઈસરો - અમદાવાદના ડાયરેક્ટર શ્રી નિલેશ દેસાઈ તથા મોટી સંખ્યામાં અન્ય મહાનુભાવો તથા સંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે સાંવત્સરિક પ્રાધ્યાપક, સેનાપતિ સન્માન, ત્રિભુવન વ્યાસ સન્માન, બેસ્ટ સ્ટુડન્ટ સન્માન જેવા વિશેષ એવોર્ડ આપીને ઋષિકુમારોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ઉપસ્થિત ઋષિકુમારોના વાલીઓને સંસ્કૃત અને સંસ્કૃતિના રક્ષણ માટે સંસ્થા જે કાર્ય કરી રહી છે તેની વાત કરી આ સંયુક્ત કાર્યમાં સહયોગી થવાની પ્રેરણા આપી હતી. શ્રી સુકાંત સેનાપતિજીએ ઋષિકુમારો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટને ખૂબ બિરદાવ્યા હતા તથા દર્શનમ્ને ભારતની પ્રથમ આધુનિક પાઠશાળા ગણાવી હતી. તથા નિલેશભાઈ દેસાઈએ કહ્યું હતું કે, વર્ષોથી સંસ્કૃત અને વિજ્ઞાનના સમન્વયની વાત થાય છે તે અહીં આજે સાર્થક થઈ જણાય છે. આ ઋષિકુમારો વિજ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ આગળ વધે એવી શુભેચ્છા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭મી પુણ્યતિથિ

સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૩૭મી પુણ્યતિથિ મહા વદિ બીજ તા. ૧૬ ફેબ્રુઆરીના દિવસે ભજન-ભક્તિના વિવિધ આયોજનો સાથે ઉજવવામાં આવી હતી. આ પાવન પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ તથા ગુરુદેવને પ્રસન્ન કરવા સંતો, વિદ્યાર્થીઓ તથા હરિભક્તોએ દંડવત, પ્રદક્ષિણા, માળા, શાસ્ત્રપાઠ, અખંડ ધૂન, ધર્મજીવન ગાથા ગ્રંથના પાઠ જેવા વિવિધ આયોજનો દ્વારા ભજનની સરવાણી વહાવી હતી.

પુણ્યતિથિ પ્રસંગે યોજાયેલી ગુણાનુવાદ સભાના પ્રારંભે પાંચ કલાકનો અખંડ જપયજ્ઞ યોજાયો હતો. જપયજ્ઞની પૂર્ણાહુતિ બાદ જનમંગલ નામાવલિ દ્વારા થયેલ ભજન ભગવાન શ્રીહરિના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ દરેક સંતો તથા હરિભક્તોએ ગુરુદેવનું પૂજન કરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ સહુ ભક્તજનોને ગુરુદેવના સંસ્મરણો તાજા કરી પ્રેરણાદાયી વાતો કરી હતી.

આજ રોજ અમદાવાદથી છપૈયાની પદયાત્રા પૂર્ણ કરી પધારેલા પૂજ્ય માધવચરણ સ્વામી, પૂજ્ય વિશ્વવલ્લભ સ્વામી, પૂજ્ય ઋષિકેશ સ્વામી તથા વીસ જેટલા ભક્તોનું પૂજન-સન્માન કરવામાં આવ્યું હતું. તા. ૮ જાન્યુઆરીથી પ્રારંભાયેલી આ પદયાત્રા તા. ૮ ફેબ્રુઆરીના રોજ છપૈયા પહોંચી હતી. ચૌદસો ઉપરાંત કિલોમિટરની આ યાત્રા ફક્ત ત્રીસ દિવસમાં નિર્વઘ્ન પૂર્ણ થઈ હતી. રસ્તામાં શામળાજી, ગોકુળ-વૃન્દાવન, અયોધ્યા વગેરે તીર્થોના દર્શન કરતાં કરતાં યાત્રાળુઓ છપૈયા પહોંચ્યા ત્યારે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા અન્ય સંતો-ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે છપૈયા શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા અન્નકૂટ ધરાવી વિશેષ લાભ લીધો હતો.

ઉપરાંત મહાકુંભ તથા વિવિધ તીર્થોથી લાવેલ પ્રસાદીના જળથી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સ્નાન કરાવ્યું હતું. સભાના અંતે પ્રસાદ લઈ સહુ છૂટા પડ્યા. આ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુકુલ ગૌરવ

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ભૂતપૂર્વ ઋષિકુમાર તથા પ્રાધ્યાપક યોગેશભાઈ પંડ્યા **Ph.D.** થયા છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વ્યાકરણ વિભાગમાં ડૉ. વાચસ્પતિ મિશ્રજીના માર્ગદર્શન નીચે યોગેશભાઈ દ્વારા રજૂ કરવામાં આવેલ શોધનિબંધ "सिद्धान्तकौमुदीस्थलकारार्थप्रक्रियासूत्राणां विविधोदाहरणकाव्यैस्सह परिशीलनात्मकमध्ययनम्"ને યુનિ.એ માન્ય રાખી **Ph.D.**ની ઉપાધિ એનાયત કરી છે. યોગેશભાઈની આ સિદ્ધિ બદલ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણસ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી સહિત ગુરુકુલ પરિવારના સર્વે સંતો અને હરિભક્તોનો રાજીપો પ્રાપ્ત કરેલ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર સુવર્ણ જયંતી મહોત્સવ ઉપક્રમે

SGVP અમદાવાદ આયોજિત

સત્સંગ સાધના શિબિર-ઋષિકેશ

:: પ્રારંભ ::
૨૫/૧૦/૨૦૨૫
કારતક સુદ - ૪

: શિબિર સ્થળ :
પરમાર્થ નિકેતન આશ્રમ-ઋષિકેશ

:: પૂર્ણાહુતિ ::
૩૧/૧૦/૨૦૨૫
કારતક સુદ - ૯

***** : વિશેષ માહિતી માટે સંપર્ક : *****

પૂજ્ય મુક્તસ્વરૂપદાસજી સ્વામી - ૯૦૯૯૦ ૯૨૫૫૬, પૂજ્ય ગુણસાગરદાસજી સ્વામી - ૯૨૬૫૯ ૫૬૭૧૩

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી શાંતિભાઈ પરશોત્તમભાઈ દેસાઈ :- ગામ હનુમાન ખીજડિયા, હાલ અમદાવાદ નિવાસી શ્રી શાંતિભાઈ દેસાઈ તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. શાંતિભાઈની સમજણ તથા સેવા અનોખા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ભક્તિ ખૂબ દૃઢ હતી. ભગવાન શ્રીહરિ શાંતિભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્રો હર્ષદભાઈ, યોગેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેવલ દિલીપભાઈ ઠુંમર :- ગામ ગીર ગઢડા નિવાસી પ.ભ. શ્રી કેવલ ઠુંમર તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારી રીતે દ્રોણેશ્વર ગુરુકુલ સાથે જોડાયેલો છે. કેવલના ખૂબ નાની ઉંમરે અક્ષરવાસથી સમસ્ત પરિવાર ગહેરા શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ કેવલના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા પિતાશ્રી દિલીપભાઈ તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી ઘનશ્યામભાઈ પોપટભાઈ પોંકિયા :- જૂનાગઢ નિવાસી પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ પોંકિયા તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. નિષ્ઠા અને ભક્તિ સાથે જોડાયેલા આ પરિવારની સેવા ગુરુકુલમાં ખૂબ રહી છે. ઘનશ્યામભાઈએ ખૂબ સમજણ સાથે સત્સંગ રાખ્યો હતો. ભગવાન શ્રીહરિ ઘનશ્યામભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા તરંગ, જેની વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સુરેશભાઈ દેવશીભાઈ જસાણી :- ઈંટવાયા નિવાસી શ્રી સુરેશભાઈ જસાણી તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. દ્રોણેશ્વર ગુરુકુલમાં સુરેશભાઈની સેવાએ પણ ખૂબ મોટી રહી છે. ભગવાન શ્રીહરિ સુરેશભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સુપુત્ર મયુરભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દુર્લભભાઈ મધુભાઈ વેકરિયા :- સુરત નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા દુર્લભભાઈ તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. દુર્લભભાઈ ખૂબ સારા સત્સંગી હતા. ભગવાન શ્રીહરિ દુર્લભભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા ગુણવંતભાઈ, મેહુલભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી જનકભાઈ મનસુખભાઈ પટેલ :- જામ્બિયા નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોના ખૂબ કૃપાપાત્ર શ્રી જનકભાઈ પટેલ તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવાઓ કરે છે. પૂજ્ય સ્વામીજી સાથે જનકભાઈને ખૂબ હેત હતું. ભગવાન શ્રીહરિ જનકભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. કાંતાબેન નારણભાઈ હરખાણી :- તોરી-રામપર નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં જેમનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે એવા પરિવારના કાંતાબેન હરખાણી તા. ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારે ગુરુકુલના નિર્માણથી આજ સુધી ખૂબ સેવાઓ કરી છે. ભગવાન શ્રીહરિ કાંતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કિશોરભાઈ, રાજેશભાઈ, જયેશભાઈ, નિલેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી કનુભાઈ પટેલ, ઝુંડાલ
શ્રી દક્ષાબેન સવજીભાઈ ચુડાસમા,
હ. પ્રવિણભાઈ પટેલ - અમદાવાદ USA
શ્રી સોહમભગત, ગોકુલધામ - નાર
પ.ભ. શ્રી જયેશભાઈ શેઠ, મુંબઈ
શ્રી પ્રેમીલાબેન વાલજીભાઈ કેસરા, કચ્છ
પ.ભ. શ્રી રવિભાઈ ત્રિવેદી, કેનેડા
પ.ભ. શ્રી નરહરિભાઈ નટવરભાઈ ધોબી, અમદાવાદ
શ્રી ગીતાબેન કુરજીભાઈ પાઘડાળ, બાપુનગર
શ્રી જયશ્રીબેન ભરતભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૮/૦૩/૨૫, શનિવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૦/૦૩/૨૫, સોમવાર : **આમલકી એકાદશી :**
તા. ૧૪/૦૩/૨૫, શુક્રવાર : **પુષ્પદોલોત્સવ :** મેમનગર ગુરુકુલ, સાંજે ૪:૦૦ કલાકે
તા. ૨૫/૦૩/૨૫, મંગળવાર : **પાપમોચની એકાદશી**

Godhooli
HERBAL TOOTHPASTE 100 g

ગોધૂલિ ટુથપેસ્ટ

- દાંત અને પેઢાની લાંબા સમય સુધી સંભાળ પૂરી પાડે.
- દાંતના દુખાવા અને પેઢામાંથી લોહી નીકળતા અટકાવે.
- પેઢાને સ્વસ્થ રાખે અને શ્વાસને તાજગી આપે.
- દાંત સાફ કરે, પોલાણ અટકાવે.
- શ્વાસની દુર્ગંધ દૂર કરે.

રક્તસ્રાવ, બળતરા અટકાવે

જીવાણુઓથી સુરક્ષિત રાખે

દાંતનું આરોગ્ય સુધારે

શ્વાસ તાજો રાખે

GODHOOLI BALM

ગોધૂલિ બામ

A Natural **Pain Reliever**

એક અસરકારક, કુદરતી પીડાનાશક, બળતરા રહિત અને શરદી, કફ તેમજ માથાના દુઃખાવામાં રાહત આપનાર

SGVP™ Aarogyam
Proven Herbs For Holistic Health

+91 94 5959 5656

sgvpaarogyam.com

Scan QR for online order

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

મહાકુંભપર્વ પ્રયાગરાજ ખાતે ઉપસ્થિત આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય સ્વામીજી, પૂજ્ય અવધેશાનંદજી મહારાજ,
પૂજ્ય ગુરુશરણાનંદજી મહારાજ તેમજ ધર્માચાર્યો. પ્રયાગમાં સ્નાન કરતા પૂજ્ય સ્વામી તથા સંતો.

અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત 'ધર્મજીવન સત્ર' પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકારો
આ પ્રસંગે દેવર્ષી પરમાત્માનંદજી મહારાજનું વિશેષ સનામાન કરતા પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો, ઉપસ્થિત ભક્તો

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–